# બિગબોસ-19 નાં કન્ટેસ્ટન્ટ્સનાં કાંડ-કુંડળી જાણીએ

## કોમપ્લેક્સ બોસી કુનિકા સદાનંદ

કુનિકાએ સલમાન સાથે 'પ્યાર કિયા તો ડરના ક્યા' અને 'હમ સાથ સાથ હૈ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. પરંતુ તેની એક્ટિંગ જેટલી ચર્ચામાં રહી, તેટલી જ તેની પર્સનલ લાઈફ પણ વિવાદોથી ભરેલી છે. તેનાં નિષ્ફળ લગ્ન, કુમાર સાનુ સાથેના અફેર અને સિંગલ મધર તરીકેનું જીવન ચર્ચાનો વિષય રહ્યો છે. 'બેટા', 'ગુમરાહ', 'ખિલાડી' જેવી ફિલ્મોમાં નેગેટિવ તથા બોલ્ડ રોલ કર્યા. 'હમ સાથ સાથ હૈ'માં રીમાની મિત્ર 'શાંતિ'નાં રોલથી તે ફેમસ થઈ હતી. જોઈન્ટ ફેમિલીમાં સેટ ન થઈ શકવાને કારણે તેનાં પહેલા લગ્ન ડીવોર્સમાં પરિણમયા હતાં. 18 વર્ષની નાની ઉંમરે તેણે પોતાનાથી 13 વર્ષ મોટા વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતાં જેનાથી તેને એક દીકરો થયો હતો. ડીવોર્સ થતાં દીકરાની કસ્ટડી માટે આઠ વર્ષ સુધી કાનૂની લડાઈ ચાલી. જ્યારે તેમનો પુત્ર 14 વર્ષનો થયો, ત્યારે તેની મેન્ટલ કંડિશન જોઈને કુનિકાએ કસ્ટડીનો દાવો છોડી દીધો. એક્ટ્રેસ પ્રાણના પુત્ર સુનીલ સિકંદ સાથે લિવ-ઈન સંબંધ પણ હતાં, 35 વર્ષની ઉંમરે તેમણે અમેરિકામાં બીજા લગ્ન કર્યા અને ત્યાં રહેવા ગઈ. 2006માં તેમનાં બીજા લગ્ન પણ ડિવોર્સમાં પરિણમ્યા. 1990ના દાયકામાં કુનિકા અને સિંગર કુમાર સાનુના અફેરની ખૂબ ચર્ચા થઈ. કુમાર સાનુ તે સમયે મેરિડ હતા. કુનિકાએ તેનું ફાઈનાન્સ, બિલ અને પરિવારની જવાબદારીઓ સંભાળી.

## ભોજપુરી આઇટમ ગર્લ નીલમ ગીરી

29 વર્ષની નીલમ ગિરી ભોજપુરી મૂવીઝ અને મ્યુઝિક વર્લ્ડમાં ઓળખીતો ચહેરો છે. નીલમ શરૂઆતમાં ટિકટોક વીડિયોઝ બનાવતી હતી. ઈન્સ્ટાગ્રામ પર ખૂબ એક્ટિવ રહે છે. તેની લવ લાઈફની વાત કરીએ તો તેનું અફેર પોલિટીશ્યન પ્રવેશ શર્મા સાથે ચાલતું હોવાની અફવા છે. લોકસભા ઈલેક્શનના પ્રચારમાં બંને ઘણીવાર સાથે દેખાયા હતાં.

## વાયરલ મૃદુલ તિવારી

ઉત્તરપ્રદેશના મૃદુલ તિવારી એક જાણીતો યુટ્યુબર છે, જે કોમેડી વીડિયોઝ અપલોડ કરે છે. પહેલો યૂટ્યૂબ વીડિયો "સિસ્ટર વર્સેસ ગર્લફ્રેન્ડ" અપલોડ કર્યો, જેને 43 લાખથી વધુ લોકોએ જોયો! તેની બહેન પ્રગતિ તિવારી પણ એક જાણીતી યૂટ્યૂબર અને ઈન્ફ્લુએન્સર છે. મૃદુલને ગાડીઓનો ખૂબ શોખ છે. માર્ચ 2025માં મૃદુલની લેમ્બોર્ગિનીથી નોઈડામાં બે મજૂરોને ટક્કર મારી હતી.

## હૈદરાબાદી બસીર અલી

બસીરે યૂટ્યૂબ પર હૈદરાબાદી વાઈન્સથી શરૂઆત કરી હતી. તે રોડીઝમાં કન્સ્ટેટન્ટ તરીકે ગયો હતો, પછી સ્પ્લિટ્સવિલા 10 જીત્યો. તેણે 'કુંડલી ભાગ્ય' શોમાં એક્ટિંગ પણ કરી છે. બસીરે રિયાલિટી શોના સ્ટાર્સની મુશ્કેલીઓ વિશે કહ્યું હતું કે, "શો તેમને એકદમ ટોપ પર લઈ જાય છે અને લોકો તેને સ્ટાર સમજવા લાગે છે. બહાર નીકળે એટલે લોકોને લાગે કે તે કોઈ લક્ઝરી લાઈફ જીવે છે પણ એવું જીવવા માટે પૈસા જોઈએ ને! ઘણા લોકો આ બતાવવામાં નિષ્ફળ જાય છે અને એક લૂપમાં ફસાઈ જાય છે. મારી સલાહ છે કે જે છો એ સ્વીકારો, આ બધા બનાવટી ચક્કરમાં ન પડો."

## બોલ્ડ ગુજ્જુ ગર્લ નેહલ ચુડાસમા

આ ગુજ્જુ છોકરીને શોમાં પોતાની બોલ્ડ અને કોન્ફિડન્ટ પર્સનાલિટીથી ધૂમ મચાવવા માટે જ બોલાવવમાં આવી હોય તેવું લાગી રહ્યુ છે. નેહલ મિસ દિવા યુનિવર્સ 2018ની વિજેતા રહી ચુકી છે. તેની પર્સનાલિટી બોલ્ડ છે. તે ફિટનેસ કન્સલ્ટન્ટ, મોડેલ અને ઈવેન્ટ હોસ્ટ પણ છે અને તેની ફિટ બોડી અને ફિટનેસ જર્નીને લોકો ફોલો કરે છે. ટીનએજમાં એ ઓવરવેઈટ હતી અને બોડી શેમિંગનો સામનો કર્યો હતો. નેહલની બિગ બોસ 19માં એન્ટ્રીએ ફેન્સમાં ખૂબ બઝ જગાડી છે.

## ગેંગસ્ટર ઝીશાન

ગેંગ્સ ઓફ વાસેપુરના કો-રાઈટર અને એક્ટર ઝીશાન કાદરી પહેલેથી વિવાદોમાં ઘેરાયેલો છે. 2022માં પ્રોડ્યુસર શાલિની ચૌધરીએ એની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી એની સામે ચીટિંગ, ધમકીઓ આપી અને ઉપરથી એની ઓડી A6 ગાડી ગેરકાયદેસર રીતે વેંચી નાખવાનો આરોપ હતો! આ બધી બબાલથી એની માનસિક હાલત એકદમ ખરાબ થઈ ગઈ. ઝીશાને ઈન્ટરવ્યૂમાં ખુલ્લેઆમ કહ્યું કે આવા વિવાદોના લીધે એનું કરિયર થોડા સમય માટે ધીમું પડી ગયું.

## વલ્ગર પ્રણિત મોરે

સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરે પોતાનાં જોક્સથી પિટાઈ ચૂક્યો છે! પોલીસે આ મામલે 10-12 લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. વલ્ગર જોક્સને કારણે તે ચર્ચામાં રહે છે.

## નગમા મિરાજકર અને યુટ્યુબર અવેઝ દરબાર

બંને એક્સ કપલ છે. બે-ત્રણ વર્ષથી ડેટિંગ કરતા હતા, હવે આવેઝ અને નગ્મા બહારથી તો દોસ્તીનો ડ્રામા કરે છે. બિગબોસના સ્ટેજ પર બંને એવું પ્રીટેન્ડ કરે છે કે હજી પણ બંનેના એક થવાના ચાન્સીસ છે અને એવી વાતો કરે છે કે બંને લગ્ન કરવાની તૈયારીમાં જ હતા પણ બિગબોસ વચ્ચે આવી ગયુ. કોણ જાણે શું ચાલી રહ્યું છે આ બે વચ્ચે? પણ આ કરવાથી એમની નેટવર્થમાં ફાયદો ઘણો થાય છે.

## અનફિલ્ટર્ડ અમાલ

ફેમસ સિંગર, મ્યુઝિક કમ્પોઝર, પ્રોડ્યુસર, લિરિસિસ્ટ... બધું જ! એનો પરિવાર પણ મ્યુઝિકલ છે, અમાલે માર્ચ 2025માં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે એણે એના મમ્મી-પપ્પા સાથેના સંબંધો તોડી નાખ્યા. એ જ પોસ્ટમાં એણે કહ્યું કે એના મમ્મી-પપ્પાએ એના અને અર્માન વચ્ચે ઝઘડો કરાવ્યો. એ બંને ભાઈઓ એકદમ એકજૂટ હતા પણ હવે અલગ થઈ ગયા. આ પોસ્ટ પછી લોકોએ અમાલના પેરેન્ટ્સ પર સવાલ ઉઠાવ્યા. અમાલે ખુલ્લેઆમ કહ્યું કે એના કાકા, કમ્પોઝર અનુ મલિક, એના પપ્પા (ડબ્બૂ મલિક)ના પ્રોજેક્ટ્સ છીનવી લેતા હતા અને એમનું કરિયર બગાડ્યું. આનાથી એના પપ્પાને ડિપ્રેશન થયું. અમાલની ગર્લફ્રેન્ડના નોન-મુસ્લિમ પરિવારને એનો ધર્મ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવું પસંદ નહોતું. આના કારણે એમનો પાંચ વર્ષનો સંબંધ તૂટી ગયો. ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે એના નેગેટિવ કોમેન્ટ્સથી ઘણી વખત લોકોએ એની ટીકા કરી.

## ફેકું બોસ તાન્યા મિત્તલ

તાન્યા, જે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે, એ પહેલેથી જ મહાકુંભને લઈને ખૂબ સુર્ખીઓમાં હતી. તાન્યાએ દાવો કર્યો કે એ વખતે એણે ઘણા લોકોનો જીવ બચાવવાનો પ્રયત્ન કર્યો. મેં જાતે લાશો ઉપાડી. નાનાં બાળકો મારા પગ પકડીને મદદ માંગતાં હતાં. મેં જેટલું બની શકે એટલી મદદ કરી" એણે કહ્યું કે હાદસા વખતે એના બોડીગાર્ડ્સે 100થી વધુ લોકોનો જીવ બચાવ્યો અને પોલીસની પણ મદદ કરી. એના ઘરે હંમેશાં સિક્યોરિટી હોય છે કારણ કે એમનો બિઝનેસ ઘણો મોટો છે, એટલે બોડીગાર્ડ્સ રાખવા એ તો એની નોર્મલ લાઈફનો હિસ્સો છે અને બધા તેને 'તાન્યા' નહીં, પણ 'બોસ' કહીને બોલાવે છે! આ વાત પછી સોશિયલ મીડિયા પર એને 'ઓવરડ્રામા'ને કારણે 'ફેકુ ક્વીન'નું બિરુદ આપી દીધું!

દેખ તમાશા




## વિદેશ ગોરી નેટાલિયા

માઈકલ મૂરે સાથે 365 ડેઈઝમાં કામ કરી ચૂકેલી નેટાલિયા ઘણી હોલિવૂડ ફિલ્મો કરી ચૂકી છે. પડદા પર ઘણાં બોલ્ડ સીન આપ્યાં છે. તેણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતુ કે તે ઘણાં હાઈ-પ્રોફાઈલ લોકો સાથે તેના કનેક્શન છે અને તેમની સાથે કામ કરી ચૂકી છે. જેમાં તેણે ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ ઉલ્લેખ કર્યો હતો. લોકો બોલિવૂડમાંથી કરિયર બનાવી હોલિવૂડમાં જાય છે, ત્યારે શું કામ સ્ટેપ ડાઉન કર્યું?

## કૂક ગૌરવ ખન્ના

અનુપમાનાં શોમાંથી ફેમસ ગૌરવ ખન્ના પણ કન્ટેસ્ટન્ટમાં શામિલ છે. સેલિબ્રિટી માસ્ટરશેફ ઈન્ડિયા જીત્યો તેમાં પણ ઘણી કોન્ટ્રોવર્સી થઈ. શો દરમિયાન તેના પર આરોપ લાગ્યો કે તેણે એક સ્વિસ શેફની ડેઝર્ટની રેસીપી કોપી કરી. હમણાં જ બિગ બોસ 19માં તેણે હાઉસ મેમ્બરર્સ માટે કુકિંગ કરવાનો ઈનકાર કરી દીધો, કહ્યું કે તેને ઈન્ડિયન ફૂડ બનાવતા નથી આવતું, તો તે માસ્ટરશેફ જીત્યો કઈ રીતે?

# ભારતનાં સ્વર્ગમાં બનેલી સિંગરની કહાની: સોંગ્સ ઓફ પેરાડાઇઝ

કશ્મીરની ખૂબસૂરત વાદીઓ અને તેની સંગીતની દુનિયા ગમતી હોય તો 'સોંગ્સ ઓફ પેરાડાઈઝ' જોવાનું ચૂકશો નહીં! આ ફિલ્મ 1950-60ના કાશ્મીરની ફર્સ્ટ ફિમેલ સિંગરની રિયલ લાઈફ સ્ટોરી પર પદ્મ શ્રી રાજ બેગમનાં જીવન પર આધારિત છે. જ્યારે કશ્મીરમાં સ્ત્રીઓનો અવાજ નહોતો મળતો, તે સમયે ઝેબા અખ્તરે (સબા આઝાદ) રેડિયો કાશ્મીરની ફર્સ્ટ ફિમેલ સિંગર બનીને ઈતિહાસ રચ્યો હતો.



ફિલ્મની સ્ટોરીલાઈન એટલી સિંપલ રાખવામાં આવી છે કે કશ્મીર મુદ્દે કંઈ હોબાળો ન થાય અને એટલે જ ફિલ્મને પોલિટિકલ તથા સોશ્યલ એંગલથી દૂર રાખવામાં આવી છે. ઝેબાના પરિવારમાં તેનાં પિતા ખૂબ સપોર્ટિવ છે, પણ મા ખૂબ જ રૂઢિચુસ્ત. જ્યારે સંગીતના ઉસ્તાદ નબી (શિશિર શર્મા) ઝેબાને લગ્નમાં ગાતી સાંભળે છે, ત્યારે તેનાં ટેલેન્ટને રેડિયો કાશ્મીર સુધી લઈ જાય છે. પણ ઘરમાં તેનાં કામ વિશે ખબર પડતાં જ પડોશીઓ અને તેની મા (શીબા) વિરોધ કરે છે અને તેને મારે છે. ઝેબાનું પોતાની મહેનત અને ટેલેન્ટના દમ પર કરિયરમાં આગળ વધે છે તે જોવું પ્રેરણાદાયક છે. સિંપલ સ્ટોરી ટેલિંગ સાથે કોઈપણ જાતનાં ઘોંઘાટ વગર આ ફિલ્મ પહેલેથી છેલ્લે સુધી વ્યૂઅર્સને પકડી રાખે છે. સબા આઝાદની એક્ટિંગ એટલી નેચરલ છે કે ઝેબાને લાઈવ જોતાં હોય એવું લાગે. ઝેબાનો ઓલ્ડ એજ રોલ સોની રાઝદાનએ કર્યો છે. ફિલ્મનું સંગીત, કશ્મીરનાં દશ્યો અને એક્ટિંગ ખરેખર જોવાલાયક છે. આ ફિલ્મ તમે એમેઝોન પ્રાઈમ વીડિયો પર જોઈ શકો છો. જે લોકોને શાંત, લાગણીશીલ અને રીયલ લાઈફ સ્ટોરી ગમતી હોય તેમને આ ફિલ્મ એક અલગ જ દુનિયામાં લઈ જશે!

રિવ્યૂ

# શરર..શરર વાતા પવનને માઈક્રોફોનમાં રેકોર્ડ થતાં કઈ રીતે બચાવે છે આ ડેડકેટ?

ફિલ્મ જોતી વખતે આપણે એક્ટરોના ડાયલોગ્સ, પાંદડાનો સરસાટ, શ્વાસ લેવાનો અવાજ કે પગલા પાડવાનો અવાજ કેટલો સ્પષ્ટ સાંભળીએ છીએ. પણ હકીકતમાં આ બધું "raw" અવાજમાં ક્યારેય એટલું ક્લીઅર નથી હોતું. એ પણ આટલા બધા વ્યક્તિઓની વચ્ચે જ્યારે રેકોર્ડ કરવામાં આવે ત્યારે તો ખાસ, એમાં પણ જો આઉટડોર શૂટિંગ હોય ત્યારે તો કઈ રીતે સતત ચાલતી હવાનો અવાજ એક દમ શાર્પ સાઉન્ડ રેકોર્ડ કરતા માઈકમાં જવાથી રોકી શકો છો? જો આ પવનનો અવાજ પેલા શાર્પ માઈકમાં ઘૂસી જાય તો આખું દશ્ય બગડી જાય છે. તો આ સમસ્યાનો ઉપાય છે - ડેડકેટ-



## શું છે આ ડેડકેટ?

ડેડકેટ એ માઈક્રોફોન પર પહેરાવામાં આવતું એક કવર છે જે પવનના, શ્વાસ કે AC ના સતત આવતા ધીમા અવાજ (નોઈસ) ને ઘટાડે છે. જે સામાન્ય રીતે સિન્થેટિક ફરથી બનેલું હોય છે. એવું મુલાયમ હોય છે તે તેને ટચ કરવાનું મન થાય. તેને "Deadcat" કહેવામાં આવે છે કારણ કે તે દેખાવમાં મરેલા બિલાડીના પૂંછડી જેવું છે.

આ ડેડકેટનું કાર્ય છે પવન જ્યારે માઈક્રોફોનના ડાયાફ્રેમ સાથે અથડાય ત્યારે "બૂમ બૂમ" અવાજ ઉત્પન્ન થાય છે. તેને ડેડકેટના ફર લેયર્સ તોડી નાખે છે અને માઈક્રોફોન સુધી સોફ્ટ અવાજ પહોંચે છે. પરિણામે ડાયલોગ્સ, બેકગ્રાઉન્ડ સાઉન્ડ વધુ સ્પષ્ટ રેકોર્ડ થાય છે.

તેનો ફિલ્મ સેટ પર ઉપયોગમાં આઉટડોર શૂટ્સ જેમ કે સમુદ્ર કિનારે, પહાડો પર કે પવન વળી જગ્યા એ, ડોક્યુમેન્ટરી/વાઈલ્ડલાઈફ શૂટ્સમાં જ્યાં નેચરલ સાઉન્ડ ખૂબ મહત્ત્વનો છે. લાઈવ કવરેજ: ન્યૂઝ રિપોર્ટિંગ, મ્યુઝિક કન્સર્ટ કે સ્ટ્રીટ ઈન્ટરવ્યુઝમાં પણ આ ગેજેટ વપરાય છે.

## આ ડેડકેટના ઘણા પ્રકાર છે.

Foam Windscreen + Deadcat જે પહેલા માઈક પર ફોમ કવર મૂકાય, ઉપર ડેડકેટ. Slip-on ડેડકેટ જે સીધું માઈક પર ચડાવી શકાય એવું.

Blimp System તે એક મોટું કવર હોય છે જેમાં અંદર માઈક, બહાર ડેડકેટ. જે પ્રોફેશનલ વાપરે છે.

ડેડકેટની કિંમત અલગ અલગ છે. નાના માઈક માટે 300-થી 1,000, શોટગન માઈક માટે Slip-on ડેડકેટ જે 1,500-5,000 સુધીનું હોય છે. પ્રોફેશનલ કિટ 10,000 થી 40,000 સુધી હોય છે.

ડેડકેટનો ઈતિહાસ જોઈએ તો 1960-70ના દાયકામાં આઉટડોર રેકોર્ડિંગ વધતાં એન્જીનીયરોએ પવન રોકવા માટે ફર કવર બનાવવાનું શરૂ કર્યું.

લોકપ્રિય ઑડિયો કંપની Rycoteએ સૌથી પહેલા ડેડકેટ ડિઝાઈનને સ્ટાન્ડર્ડ બનાવી. આજે લગભગ દરેક પ્રોફેશનલ સાઉન્ડ એન્જિનિયર પાસે ડેડકેટ હોય છે. ડેડકેટ વિના આઉટડોર શૂટ કરવું હોય તો હીરો-હીરોઈનના રોમેન્ટિક ડાયલોગ્સને બદલે ફક્ત "શૂઉઉઉઉઉ" પવનનો અવાજ કલ્પવો!

કેમેરા ઓન

# ઈન્સ્પેક્ટર ઝેંડે બનેલા મનોજને જોવાની આવશે મોજ

મનોજ બાજપેયી વેબસિરીઝમાં ફરી એકવાર જોવા મળવાનો છે, આ વખતે વર્દીવાળા પોલીસવાળાના રોલમાં દેખાશે અને આ વેબસિરીઝના ટ્રેલર પરથી લાગી રહ્યું છે કે તે છવાઈ જવાનો છે અને તેની સાથે છવાઈ જવા આવી રહ્યો છે જિમ સરભ. 5 સપ્ટેમ્બરે નેટફ્લિક્સ પર રિલીઝ થવા જઈ રહેલી ઈન્સ્પેક્ટર ઝેંડે આ ફિલ્મ રિયલ લાઈફ ઈન્સ્પેક્ટર મધુકર ઝેંડેનાં ઈન્વેસ્ટીગેશન અને ક્રિમિનલને પકડવાની રીત પર આધારીત છે. તેમણે ખતરનાક ક્રિમિનલ ચાર્લ્સ શોભરાજને બે વાર પકડ્યો હતો. ટ્રેલરમાં મનોજ બાજપેયી એકદમ સ્માર્ટ ઈન્સ્પેક્ટર ઝેંડે બનીને ચાર્લ્સ શોભરાજ (જેનું નામ ફિલ્મમાં કાર્લ ભોજરાજ છે)નો પીછો કરે છે. જિમ સર્બનો લૂક ચાર્મિંગ અને ડેન્જરસ છે. (શોભરાજની જેવો જ) તે 'સ્વિમસ્યૂટ કિલર'ના ખતરનાક વિલનના રોલમાં જોવા મળશે.

ટ્રેલરમાં ભાલચંદ્ર કદમ પોતાના કેરેક્ટરનું નામ "ઋષિ કપૂર" રાખે છે, તેની ટાઈમિંગ જબરદસ્ત છે. બાકી સચિન ખેડેકર, ગિરિજા ઓક જેવા કલાકારો પણ ટીમમાં જામે છે. મનોજ બાળકોની ટ્રાયસીકલ પર બેસે છે તે મોમેન્ટ પણ ખૂબ હસાવે છે. શ્રીલંકામાં આ ગેંગ જે ધમાલ મચાવે છે તે જોવાલાયક રહેશે. 70-80ના દાયકાના મુંબઈની ફીલ, પોલીસની જુગાડબાજી અને ચેઝનો થ્રિલ - બધું જ આ ફિલ્મમાં હશે. જે તેને એકદમ પરફેક્ટ બનાવશે.



**આ ફિલ્મ રિયલ લાઈફ ઇન્સ્પેક્ટર મધુકર ઝેંડેનાં ઇન્વેસ્ટીગેશન અને ક્રિમિનલને પકડવાની રીત પર આધારીત છે. તેમણે ખતરનાક ક્રિમિનલ ચાર્લ્સ શોભરાજને બે વાર પકડ્યો હતો. 70-80ના દાયકાના મુંબઈની ફીલ, પોલીસની જુગાડબાજી, અને ચેઝનો થ્રિલ - બધું જ આ ફિલ્મમાં હશે. જે તેને એકદમ પરફેક્ટ બનાવશે**

મનોજ બાજપેયીએ કહ્યું કે ઈન્સ્પેક્ટર ઝેંડે ગ્લોરીની પાછળ નહોતા દોડતા, બસ પોતાનું કામ કરતા હતા અને એમની આ સ્ટોરી ખરેખર ઈન્સ્પાયરિંગ છે. ટ્રેલર જોઈને લાગે છે કે આ ફિલ્મમાં પરફેક્ટ કોમેડી, ડ્રામા, અને થ્રિલનું બેસ્ટ મિક્સ જોવા મળશે.

બાકી જો તમે મનોજને તેમની સૌથી જાણીતી થ્રિલર વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન'માં જોવા માંગતા હોવ તો તેની સિઝન-3 આ વર્ષે નવેમ્બરમાં રિલીઝ થઈ રહી છે. ત્યાર સુધી ઈન્સ્પેક્ટર ઝેંડેમાં જોઈ શકો છો.

અપકમિંગ